ધા.શ્રી. ગૌતમભાઈ ચૌહાણ

**પ્રશ્ન: ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યાની ફાળવણી કેવી રીતે કરવામાં આવી છે? તેમજ તાલુકા વાર ભરેલી અને ખાલી જગ્યાની વિગતો આપવી ?**

**જવાબ :**

અધિક નિયામકશ્રી, (આરોગ્ય) ગાંધીનગરના તા:૧૮/૦૨/૨૦૧૨ના પત્રથી સબસેન્ટર મંજુર થવાના ધોરણો ....

(૧) સમાન્ય વિસ્તાર માટે વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ દર ૫૦૦૦ ની વસ્તીએ એક સબસેન્ટર

અને

(૨) ટ્રાયબલ વિસ્તાર માટે વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ દર ૩૦૦૦ ની વસ્તીએ એક સબસેન્ટર

મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરને ગ્રામ્ય લેવલે દર ૫૦૦૦ની વસ્તી પ્રમાણે સબસેન્ટર મુજબ ફાળવણી કરવામાં આવે છે ઓછી વસ્તીવાળા ગામો હોય તો ૫૦૦૦ની વસ્તી ધ્યાને રાખી એક થી વધારે ગામો વસ્તીને ધ્યાને રાખી સંયુકત ગામોનો સેજો નક્કી કરીને કામગીરીની વહેચણી કરવામાં આવે છે.

જે મુજબ ભાવનગર જિલ્લામાં નીચે મુજબ ૫૦૦૦ની વસ્તીએ એક સબસેન્ટર મુજબ કુલ ૨૯૯ સબસેન્ટર મંજૂર થયેલ છે તથા ૪ જગ્યાઓ જિલ્લા કક્ષાએ મંજૂર થયેલ છે. તે મુજબ એમ.પી.એચ.ડબલ્યુની ફાળવણી કરવામાં આવી છે.

| ક્રમ | તાલુકાનુ નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૯ | ૨૯ | ૦ |
| ૨ | ઘોઘા | ૨૦ | ૨૦ | ૦ |
| ૩ | પાલીતાણા | ૩૧ | ૩૧ | ૦ |
| ૪ | ગારીયાધાર | ૧૯ | ૧૯ | ૦ |
| ૫ | સિહોર | ૩૧ | ૩૧ | ૦ |
| ૬ | વલ્લભીપુર | ૨૨ | ૨૨ | ૦ |
| ૭ | ઉમરાળા | ૨૦ | ૨૦ | ૦ |
| ૮ | મહુવા | ૫૮ | ૫૭ | ૧ |
| ૯ | તળાજા | ૫૩ | ૫૩ | ૦ |
| ૧૦ | જેસર | ૧૬ | ૧૬ | ૦ |
| ૧૧ | જિ.પં.ભાવનગર કક્ષાની | ૪ | ૪ | ૦ |
| | કુલ | ૩૦૩ | ૩૦૨ | ૧ |

ધા.શ્રી.શીવાભાઈ ગોહીલ

**પ્રશ્ન: મહુવા તાલુકાના સબસેન્ટરમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યા મંજુર કરેલી છે ? તે પૈકી ભરેલી અને ખાલી જગ્યા કેટલી છે ?**

---

**જવાબ:**

મહુવા તાલુકામાં મલ્ટીપર્પઝ વર્કરની કુલ ૫૮ જગ્યાઓ મંજુર છે. જે મહુવા તાલુકાના ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હેઠળના સબ સેન્ટરો ખાતે ફાળવેલ છે. જે પૈકી

મોટા આસારાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૭ જગ્યાઓ મંજુર પૈકી ૬ ભરેલી અને ૧ ખાલી છે.

બેલમપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૬ જગ્યાઓ મંજુર છે જે તમામ ૬ જગ્યાઓ ભરેલી છે.

ગુંદરણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૬ જગ્યાઓ મંજુર છે જે તમામ ૬ જગ્યાઓ ભરેલી છે.

સેંદરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫ જગ્યાઓ મંજુર છે જે તમામ ૫ જગ્યાઓ ભરેલી છે.

બોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫ જગ્યાઓ મંજુર છે જે તમામ ૫ જગ્યાઓ ભરેલી છે.

કળસાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫ જગ્યાઓ મંજુર છે જે તમામ ૫ જગ્યાઓ ભરેલી છે.

તલગાજરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫ જગ્યાઓ મંજુર છે જે તમામ ૫ જગ્યાઓ ભરેલી છે.

કુંભણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૭ જગ્યાઓ મંજુર છે જે તમામ ૭ જગ્યાઓ ભરેલી છે.

માઢીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૭ જગ્યાઓ મંજુર છે જે તમામ ૭ જગ્યાઓ ભરેલી છે.

ભાદ્રોઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫ જગ્યાઓ મંજુર છે જે તમામ ૫ જગ્યાઓ ભરેલી છે.

મોટા આસારાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧ ખાલી પડેલ જગ્યા પર ચાર્જથી કામગીરી લેવામાં આવે છે.

ધા.શ્રી. ભીખાભાઈ બારૈયા

**પ્રશ્ન: ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની અત્યાર સુધીમાં કેટલી જગ્યાની ભરતી કરવામાં આવી?**

---

**જવાબ:**

| ક્રમ | ભરતી વર્ષ | ભરતી થયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨ | ૨૫૧ |
| ૨ | ૨૦૧૪ | ૮૪ |
| ૩ | ૨૦૧૫ | ૩૬ |
| ૪ | ૨૦૧૭ | ૨૨ |
| ૫ | ૨૦૨૨ | ૦૫ |
| | **કુલ** | **૩૯૮** |

**પ્રશ્ન: ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની તાલુકાવાર મંજુર/ભરાયેલ/ખાલી જગ્યાની વિગત ?**

**જવાબ:**

| ક્રમ | તાલુકાનુ નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૯ | ૨૯ | ૦ | |
| ૨ | ઘોઘા | ૨૦ | ૨૦ | ૦ | |
| ૩ | પાલીતાણા | ૩૧ | ૩૧ | ૦ | |
| ૪ | ગારીયાધાર | ૧૯ | ૧૯ | ૦ | |
| ૫ | સિહોર | ૩૧ | ૩૧ | ૦ | |
| ૬ | વલ્લભીપુર | ૨૨ | ૨૨ | ૦ | |
| ૭ | ઉમરાળા | ૨૦ | ૨૦ | ૦ | |
| ૮ | મહુવા | ૫૮ | ૫૭ | ૧ | |
| ૯ | તળાજા | ૫૩ | ૫૩ | ૦ | |
| ૧૦ | જેસર | ૧૬ | ૧૬ | ૦ | |
| ૧૧ | જિ.પં.ભાવનગર કક્ષાની | ૪ | ૪ | ૦ | |
| | કુલ | ૩૦૩ | ૩૦૨ | ૧ | |

Letter No: DCO/0500/01/2024 Dt: 25-01-2024

વિધાનસભા તારાંકીત પ્રશ્ન ક્રમાંકઃ-૧૫/૦૪/૫૭૪ ને આનુષાંગિક પુરક નોંધ

ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજુર જગ્યા

માન.ધારાસભ્યશ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા)

તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મજુર, ભરેલ તથા ખાલી જગ્યાની વિગતે

| કુલ મંજુર જગ્યાઓ | કુલ ભરેલ જગ્યાઓ | કુલ ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધીની | ૧ વર્ષ થી ૩ વર્ષ સૂધીની | ૩ વર્ષ કરતા વધુ સમયથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩૦૩ | ૩૦૨ | ૦૧ | ૧ | ૦ | ૦ |

<u>ખાલી જગ્યાની વિગત</u>

| ક્રમ | તાલુકાનુ નામ | પ્રાથમિક આરોગ્ય કેંદ્રનુ નામ | મંજુર જગ્યાની સંખ્યા | ભરેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી પડ્યા તારીખ | જગ્યા ખાલી રહેવાના કારણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | મહુવા | મોટા આસરાણા | ૦૭ | ૦૬ | ૦૧ | ૨૦/૦૮/૨૩ | આંતર જિલ્લા ફેર બદલીથી જતા | |
| ૨ | મહુવા | બેલમપર | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૩ | મહુવા | ગુંદરણા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૪ | મહુવા | સેંદરડા | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૫ | મહુવા | બોડા | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૬ | મહુવા | કળસાર | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૭ | મહુવા | તલગાજરડા | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૮ | મહુવા | કુંભણ | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૯ | મહુવા | માઢીયા | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૧૦ | મહુવા | ભાદ્રોડ | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૧૧ | ભાવનગર | ફરીયાદકા | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૧૨ | ભાવનગર | અધેલાઇ | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૧૩ | ભાવનગર | હાથબ | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૧૪ | ભાવનગર | ઉંડવી | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૧૫ | ભાવનગર | ભંડારીયા | ૦૪ | ૦૪ | ૦ | - | - | |
| ૧૬ | ભાવનગર | ભુંભલી | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૧૭ | ઘોઘા | વાળુકડ | ૦૮ | ૦૮ | ૦ | - | - | |
| ૧૮ | ઘોઘા | તણસા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૧૯ | ઘોઘા | મોરચંદ | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૦ | સિહોર | ઉસરડ | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૨૧ | સિહોર | ટાણા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૨ | સિહોર | મઢડા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૩ | સિહોર | સોનગઢ | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૪ | સિહોર | સણોસરા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૫ | તળાજા | ભદ્રાવળ | ૦૮ | ૦૮ | ૦ | - | - | |
| ૨૬ | તળાજા | ત્રાપજ | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૭ | તળાજા | મણાર | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૨૮ | તળાજા | મથાવડા | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૨૯ | તળાજા | ઉંચડી | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૩૦ | તળાજા | બોરડા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૩૧ | તળાજા | પીથલપુર | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૩૨ | તળાજા | કુંઢેલી | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૩૩ | તળાજા | સરતાનપર | ૦૫ | ૦૫ | ૦ | - | - | |
| ૩૪ | પાલીતાણા | નાની રાજસ્થળી | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૩૫ | પાલીતાણા | લુવારવાવ | ૦૬ | ૦૬ | ૦ | - | - | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬ | પાલીતાણા | વાળુકડ(પા) | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૩૭ | પાલીતાણા | ઘેટી | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૩૮ | પાલીતાણા | નોંઘણવદર | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૩૯ | ગારીયાધાર | મોટી વાવડી | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૪૦ | ગારીયાધાર | માનગઢ | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૪૧ | ગારીયાધાર | વેળાવદર | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૪૨ | જેસર | બીલા | ૦૯ | ૦૯ | ૦ | - | - | |
| ૪૩ | જેસર | અયાવેજ | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૪૪ | વલ્લભીપુર | કાળાતળાવ | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૪૫ | વલ્લભીપુર | રતનપુર(ગા) | ૦૮ | ૦૮ | ૦ | - | - | |
| ૪૬ | વલ્લભીપુર | પાટણા | ૦૭ | ૦૭ | ૦ | - | - | |
| ૪૭ | ઉમરાળા | દડવા | ૦૬ | ૦૬ | ૦ | - | - | |
| ૪૮ | ઉમરાળા | રંઘોળા | ૧૪ | ૧૪ | ૦ | | | |
| ૪૯ | જિલ્લા પંચાયત | ભાવનગર | ૪ | ૪ | ૦ | - | - | |
| | કુલ | | ૩૦૩ | ૩૦૨ | ૧ | - | - | |

મદદનીશ વિકાસ કમિશનર

ગુજરાત રાજ્યગાંધીનગર

**પ્રશ્ન: ભાવનગર જિલ્લામાં તાલુકાવાર જગ્યા ખાલી હોય કેટલા સમયથી ખાલી છે ? તેની વિગત**

**જવાબ :**

| ક્રમ | તાલુકાનુ નામ | પ્રાથમિક આરોગ્ય કેંદ્રનુ નામ | ખાલી જગ્યા | ખાલી જગ્યા પડયા તારીખ | ખાલી જગ્યા પડવાનુ કારણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહુવા | મોટા આસરાણા | ૧ | ૨૦-૦૮-૨૩ | આંતર જિલ્લા ફેર બદલીથી જતા | |

**પ્રશ્ન: મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ખાલી જગ્યા પર ચાર્જની કરેલ વૈકલ્પીક વ્યવસ્થાની વિગત**

**જવાબ :**

| ક્રમ | તાલુકાનુ નામ | પ્રા.આ.કેંનુ નામ | ચાર્જ સોપવા તારીખ | ચાર્જ સોપવા આવેલ કર્મચારીનુ નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મહુવા | મોટા આસરાણા | ૨૦/૦૮/૨૦૨૩ | શ્રી ભરતદાસ રાઘેશ્યામ ગોંડલીયા, પ્રા.આ.કે. મોટા આસરાણા | |

**પ્રશ્ન: મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર દ્વારા ક્ષેત્રીય કક્ષાએ કરવામાં આવતી કામગીરીની વિગત**

---

**જવાબ:**

મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) ક્ષેત્રીય કક્ષાએ કામગીરી કરે છે. જેની ટુંકી અને અગત્યની વિગતો નીચે મુજબ છે.

(૧) સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ માહિતી–ડેટા વિગેરેને ધ્યાને રાખી તેમને ફાળવેલ ગામોમાં ઘરે ઘરે જઇને સર્વે કરી, માહીતીનુ સંકલન કરવુ, રેકર્ડ નિભાવવુ અને રીપોર્ટીંગ કરવુ.

(૨) આરોગ્યલક્ષી તમામ સેવાઓ નુ નિરીક્ષણ કરવુ અને જનસમુદાયને માર્ગદર્શન આપવુ.

(૩) મેલેરીયાલક્ષી મોટા રોગચાળાના નિયંત્રણને લગતા જરૂરી પગલા લેશે, ગામમાં સ્વચ્છતાનુ નિરીક્ષણ કરશે, રોગપ્રતિકારક કાર્યક્રમ, કુટુંબ નિયોજન કાર્યક્રમ વિગેરે આરોગ્યલક્ષી તમામ કામગીરી

(૪) પ્રાથમિક તબીબી સંભાળ, જન્મ મરણ અને માતા મરણ માટે શિક્ષણ રાષ્ટીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ, સંચારી રોગ્ય નિયંત્રણ કાર્યક્રમની કામગીરી.

(૫) વહીવટી કામગીરી ગામના અન્ય આરોગ્ય કર્મચારીઓ સાથે સંકલનની કામગીરી.

**પ્રશ્ન: ભાવનગર જિલ્લામાં દસ વર્ષિય ભરતી કેલેન્ડર અમલમાં આવ્યા બાદ તબક્કાવાર કરવામાં આવેલ ભરતીની વિગત**

**જવાબ:**

| ક્રમ | ભરતી વર્ષ | ભરતી થયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨ | ૨૫૧ |
| ૨ | ૨૦૧૪ | ૮૪ |
| ૩ | ૨૦૧૫ | ૩૬ |
| ૪ | ૨૦૧૭ | ૨૨ |
| ૫ | ૨૦૨૨ | ૦૫ |
| | કુલ | ૩૯૮ |

**પ્રશ્ન: મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)ની ભરતી/નિમણુંકની પ્રક્રીયા**

**જવાબ:**

મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતી પ્રકિયા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે મેરીટના ધોરણે ભરતી થાય છે. આ ભરતી પ્રક્રિયામાં જિલ્લા પાસેથી ખાલી રહેલ જગ્યાઓની માહિતી મેળવી માંગણા પત્રક તૈયાર કરી સરકાર કક્ષાએ મોકલીને પંચાયત વિભાગ દ્વારા સ્થાયી સમિતિ પાસેથી મંજુરી મેળવીને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ બોર્ડ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. તદ્દઅનુસાર ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પરીક્ષાના પરીણામના આધારે ઉમેદવારોની મેરીટ ક્રમ પ્રમાણે પસંદગીના આધારે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવે છે.

**મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર** સંવર્ગ, વર્ગ –૩ ની ભરતી ૧૦૦% સીધી ભરતીથી ભરવામાં આવે છે.

**પ્રશ્ન: મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર વર્ગ-૩ સંવર્ગના લાયકાતના ધોરણો શું છે. તેમજ ભરતી કઇ રીતે કરવામાં આવે છે**

---

**જવાબ :**

મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ), વર્ગ-૩ ના સુપીરીયર પંચાયત સેવા વર્ગીકરણ નિયમો, ૨૦૨૨ ના નિયમ ૩(બ) મુજબ ઉમેદવાર ...

1. સરકાર માન્ય શિક્ષણ સંસ્થામાંથી સફળતાપૂર્વક ઓછામાં ઓછો એક વર્ષનો મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો બેઝિક સર્ટીફીકેટ કોર્ષ અથવા ડિપ્લોમા કોર્ષ

   અથવા
2. સરકાર માન્ય શિક્ષણ સંસ્થામાંથી ઓછામાં ઓછો એક વર્ષનો સેનીટરી ઈન્સ્પેક્ટર ડીપ્લોમાં કોર્ષ

   અથવા
3. ઔદ્યોગિક તાલીમ સંસ્થા અથવા સરકાર માન્ય અન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછો એક વર્ષનો હેલ્થ સેનીટરી ઈન્સ્પેક્ટરનો કોર્ષ
4. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ, 1956ની કલમ 3 હેઠળ કોઈપણ માન્ય શિક્ષણ સંસ્થાને ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ હોય અથવા ભારતમાં કેન્દ્ર/રાજ્ય એક્ટ હેઠળ પ્રસ્થાપિત થયેલ હોય અથવા સમાવેશ થયેલ કોઈપણ યુનિવર્સિટીમાંથી સેનિટરી ઈન્સ્પેક્ટર અથવા હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટરમાં ડિપ્લોમા પાસ કરેલ હોય તેમજ

   I. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ તથા ભરતી નિયમો (સામાન્ય)-૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ કોમ્પ્યુટર એપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ

   II. ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ.

## હેલ્થ વર્કર (પુરુષ)ના સંવર્ગના કોર્ટ કેસોની વિગતો

### અમાન્ય પ્રમાણપત્રો:

જિલ્લા પંચાયતો ખાતે સેવા બજાવતા અમાન્ય પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારોને નોકરીમાંથી દૂર કરતા પીટીશનરો દ્વારા નામ.હાઈકોર્ટ ખાતે કોર્ટકેસ કરતાં, નામ.હાઈકોર્ટ દ્વારા વિગતવાર તપાસને અંતે ઉમેદવારોને સાંભળવાની તક આપ્યા બાદ યોગ્ય નિર્ણય કરવા જણાવેલ. જે અન્વયે તમામ જિલ્લાઓ ખાતે એકસરખી કાર્યપદ્ધતિ અનુસરવામાં આવે એ માટે વિભાગના તા.૦૩/૦૩/૨૦૨૩ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ હતી. જે અનુસારની કાર્યવાહી કરતા ફરી નામ.હાઈકોર્ટ ખાતે અરજી કરતા, નામ.હાઈકોર્ટ દ્વારા ખાતાકીય તપાસ હાથ ધરવા નિર્દેશ આપેલ, જે અન્વયે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

### એડહોક ધોરણે નિમણૂક પામેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) કર્મચારીઓ

એડહોક ધોરણે ૧૯૯૦-૯૨માં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) તરીકે નિમણૂક પામેલ કર્મચારીઓને તા.૩૦/૦૩/૧૯૯૬માં લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં માત્ર ઉમરમર્યાદાને કારણે અયોગ્ય જાહેર કરવામાં આવતા પિટીશનરો દ્વારા નામ.હાઈકોર્ટમાં SCA/6289/2011 દાખલ કરતા, નામ.હાઈકોર્ટના તા.૧૦/૦૮/૨૦૧૬ના ચુંકાદાથી પિટીશનરશ્રીઓની મૂળ તારીખથી સેવા સળંગ ગણી તમામ લાભો ચુંકવવાનો નિર્દેશ કરેલ હતો. જે અનુસારના લાભો પિટીશનરશ્રીઓને ચુંકવેલ છે.

### કરારના ધોરણે નિમણૂક પામેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) કર્મચારીઓ

કરારના ધોરણે ૨૦૦૩ અને ત્યારબાદ નિમણૂક પામેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ)ના કર્મચારીઓને એડહોક ધોરણે નિમણૂક પામેલ કર્મચારીઓને આપેલ લાભો અનુસારના લાભો આપવા અંગેના નામ.હાઈકોર્ટના SCA/12537/2011ના તા.૨૫/૦૭/૨૦૧૮ના ચુંકાદા સામે નામ.હાઈકોર્ટમાં LPA/1327/2019 અને નામ.સુપ્રિમ કોર્ટમાં SLP દાખલ કરેલ, પરંતુ પિટીશનરશ્રીની તરફેણમાં ચુંકાદો આવલ. ત્યારબાદ કન્ટેમ્પ્ટ પિટીશન દાખલ થતા નામ.હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે ૩૨૨ પિટીશનરોને લાભ આપેલ. ત્યારબાદ પંચાયત વિભાગ દ્વારા નામ.હાઈકોર્ટમાં MCA (for review) 01/2022 દાખલ કરેલ, જેમાં SCA/12537/2011ના ચુંકાદા સામે સ્ટે આપેલ હતો. પરંતુ પિટીશનરો દ્વારા CA/02/2022 in MCA (for review) 01/2022ના ઓરલ ઓર્ડર સામે સુપ્રીમ કોર્ટમાં સ્ટે મેળવેલ છે. પ્રસ્તુત બાબત હાલ નામ.સુપ્રિમ કોર્ટ ખાતે પડતર છે.

- એડહોક કર્મચારીઓને LTC, લીવ એન્કેશમેન્ટ, ટ્રાવેલીંગ એલાઉન્સ, મોંઘવારી ભથ્થું, કાયમી મુસાફરી ભથ્થું, એચ.આર.એ., મેડીકલ એલાઉન્સ વગેરેના લાભો મળતા હતા, જ્યારે કરાર આધારિત કર્મચારીઓને ઉક્ત લાભો મળવાપાત્ર થતા નથી.

**પ્રશ્ન: ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) સામે તપાસના પ્રકરણની કાર્યવાહી ચાલુ હોય તેની વિગત**

**જવાબ :**

| ક્રમ | કોર્ટ કેસની ટુંકમાં વિગત | પીટીશનર દ્વારા માંગવામાં આવેલી દાદ | કેસ સાથે સંબંધિત કર્મચારીઓની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | એસ.સી.એ.૬૪ ૩૧/૨૦૨૨ | કરાર આધારિત મ.પ.હે.વ.(પુ.) તરીકે કરેલ નોકરી સળંગ ગણી આપવા હાઈકોર્ટમાં દાદ માંગેલ છે. | ૮૬ (છંયાશી) | નામદાર હાઈકોર્ટમાં મેટર DISPOSED OF થયેલ છે. હાલ એલ.પી.એ. ૨૮૧૧૨/૨૦૨૨ ચાલુ છે. |
| ૨ | એસ.સી.એ.૮૫ ૮૧/૨૦૨૨ | કરાર આધારિત મ.પ.હે.વ.(પુ.) તરીકે કરેલ નોકરી (આ જિલ્લા તેમજ અન્ય જિલ્લામાં કરેલ) સળંગ ગણી આપવા હાઈકોર્ટમાં દાદ માંગેલ છે. | ૨૬ (છવ્વીસ) | નામદાર હાઈકોર્ટમાં મેટર DISPOSED OF થયેલ છે. હાલ એલ.પી.એ. ૨૮૧૧૦/૨૦૨૨ ચાલુ છે. |
| ૩ | એસ.સી.એ. ૧૬૨૯૦/૨૦૨૨ | કરાર આધારિત મ.પ.હે.વ.(પુ.) તરીકે કરેલ નોકરી ( અન્ય જિલ્લામાં કરેલ) સળંગ ગણી આપવા હાઈકોર્ટમાં દાદ માંગેલ છે. | ૧ (એક) | નામદાર હાઈકોર્ટમાં મેટર DISPOSED OF થયેલ છે. હાલ એલ.પી.એ. ૧૩૦/૨૦૨૨ ચાલુ છે. |
| ૪ | એસ.સી.એ. ૮૭૬૬/૨૦૨૨ | કરાર આધારિત મ.પ.હે.વ.(પુ.) તરીકે કરેલ નોકરી (આ જિલ્લા તેમજ અન્ય જિલ્લામાં કરેલ) સળંગ ગણી આપવા હાઈકોર્ટમાં દાદ માંગેલ છે. | ૮ (આઠ) | નામદાર હાઈકોર્ટમાં મેટર DISPOSED OF થયેલ છે. હાલ એલ.પી.એ. ૨૮૧૧૧/૨૦૨૨ ચાલુ છે. |
| ૫ | એસ.સી.એ. ૧૩૮૭૩/૨૦૨૨ | કરાર આધારિત મ.પ.હે.વ.(પુ.) તરીકે કરેલ નોકરી ( સળંગ ગણી આપવા હાઈકોર્ટમાં દાદ માંગેલ છે. | ૧ (એક) | નામદાર હાઈકોર્ટમાં મેટર DISPOSED OF થયેલ છે. હાલ એલ.પી.એ. ૪૨૩૦૬/૨૦૨૨ ચાલુ છે. |
| ૬ | એસ.સી.એ. ૧૧૦૦૧–૨૦૨૨ | કરાર આધારિત મ.પ.હે.વ.(પુ.) તરીકે કરેલ નોકરી ( સળંગ ગણી આપવા હાઈકોર્ટમાં દાદ માંગેલ છે. | ૧ (એક) | નામદાર હાઈકોર્ટમાં મેટર DISPOSED OF થયેલ છે. હાલ એલ.પી.એ. ૩૧૦૦૫/૨૦૨૨ ચાલુ છે. |